PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

| | |
|---|---|
| પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/કવા–૦૪/૧૭–૧૮/ 2667 | તા. 28-3-18 |

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ઈકો બાયો ફ્યુઅલ,
ક્રેસન્ટ મોલ, સ્ટેન્ડ ચોક,
જેતપુર–૩૬૦ ૦૭૦
મો: ૮૨૩૮ ૯૨૨ ૯૯૨, ૯૮૨૪૮ ૧૫૦૮૦, ૦૨૮૨૩ – ૨૯૪૯૫૯

**વિષય :–નાઈટ ચાર્જ અને બીલ પેમેન્ટ રીબેટ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૬/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જેતપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૬/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૧–૦૩–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ઈકો બાયો ફ્યુઅલ, ગામ: જેતપુર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભાગીદાર જીજ્ઞેશભાઈ બાબુલાલ પટેલ હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જેતપુર

રજુઆત કરનાર :એ.એમ.પાઘડાર – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જેતપુર

## : હુકમ :

ફરીયાદ : નાઈટ ચાર્જ અને બીલ પેમેન્ટ રીબેટ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઈકો બાયો ફ્યુઅલ, ગામ:જેતપુર ના જોડાણ ના બીલ મુજબ – પહેલા જોડાણ ૫૫૦ કેવીએનુ હતુ – તેમા ટાઈમ ઓફ યુઝ ચાર્જ ૦.૪૫ લાગતો હતો, તેમજ નાઈટચાર્જ ૦.૪૦ રીબેટ આપવામા આવતો હતો. પરંતુ, તેઓએ વીજભાર વધારો ૯૫૦ કેવીએનો લેતા – નવા બીલ જે આવે છે તેમા ટાઈમ ઓફ યુઝ ચાર્જ ૦.૮૫ લેખે વસુલવામા આવેલ હતો. નાઈટ ચાર્જ જુના મુજબ – ૦.૪૦ લેખેજ રીબેટ આપવામા આવે છે. જેના બીલ ની કોપી આ સાથે રજુ કરેલ છે. વધુમા પીજીવીસીએલ ના સરકયુલર નં.: પીજીવીસીએલ / આરઈજીસેલ / ટી / ૩૪૫૦ તા.૨૫–૦૪–૧૬ મુજબ – દિવસ–૦૭ મા બીલ પેમેન્ટ કરી આપીએતો – ૧% બીલ મા ઘટાડી આપવો તેમ જણાવેલ છે. પરંતુ, આ નિયમ નો અમલ શા માટે નથી કરતા – આ અંગે પણ ખુલાસો કરી અને યોગ્ય નિર્ણય આપવા બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની રજુઆત મુજબ – તેઓનુ વીજ જોડાણ ૫૫૦ કેવીએ નુ તા.૧૩–૧૧–૧૪ થી તા.૧૯–૦૫–૧૭ સુધી હતુ, ત્યારબાદ, હૈયાત વીજભાર મા – વીજભાર વધારો થયા બાદ ૯૫૦ કેવીએ કોન્ટ્રાકટ ડિમાન્ડ મુજબ – તેઓની બીલીંગ ડિમાન્ડ ના આધારે ટેરીફ સરકયુલર મુજબ – ટાઈમ ઓફ યુઝ ચાર્જ અને નાઈટ રીબેટ ચાર્જ મુજબ જ બીલીંગ થયેલ છે.<br>• અરજદાર ની રજુઆત મુજબ – એનર્જી બીલ દિવસ–૦૭ મા – બીલ પેમેન્ટ કરી આપેતો – ૧% લેખે એનર્જી બીલ પર – પ્રોમ્પટ પેમેન્ટ ઘટાડી આપવુ. જે અન્વયે જણાવેલ કે – પીજીવીસીએલ ના પત્ર નં.: પીજીવીસીએલ / આરઈજીસેલ / ટી / ૮૩૪૨ તા.૧૭–૦૯–૧૬ મુજબ પ્રોમ્પટ પેમેન્ટ ડિસકાઉન્ટ આપવામા આવતુ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • **(૧) અરજદાર શ્રી** ઈકો બાયો ફ્યુઅલ એચ.ટી.જોડાણ નંબર: ૨૮૨૬૭ એચ.ટી.પી–૧ ટેરીફ હેઠળ સર્વે નંબર: ૧૭૫ પૈકી ૨ પૈકી ૧ – પ્લોટ નં.–૧ અને ૨ ગામ :પાંચપીપળા ગામે – જેતપુર પેટા વિભાગીય કચેરી |

હેઠળ ધરાવે છે. સદર વીજ જોડાણ તા.૧૩–૧૧–૧૪ થી તા.૧૯–૦૫–૧૭ સુધી કોન્ટ્રાકટ ડિમાન્ડ ૫૫૦ કેવીએ ની હતી. ત્યારબાદ, વીજભાર મા વધારો થયા બાદ ૯૫૦ કેવીએ કોન્ટ્રાકટ ડિમાન્ડ મુજબ ધરાવે છે.

- (૨) નામદાર જીઈઆરસી દ્વારા જાહેર કરાયેલ – પીજીવીસીએલ કંપની ના ટેરીફ સરકયુલર મુજબ વર્ષ વાર – ટાઈમ ઓફ યુઝ ચાર્જ અને નાઈટચાર્જ રીબેટ – નીચે મુજબ છે.

| ટેબલ–(અ) | | |
|---|---|---|
| ટાઈમ ઓફ યુઝ ચાર્જ (For energy consumption during the two pick periods : 07.00 hrs to 11.00 hrs & 18.00hrs to 22.00hrs | બીલીગ ડિમાન્ડ ૫૫૦ કેવીએ સુધી | બીલીગ ડિમાન્ડ ૫૫૦ કેવીએ થી વધુ |
| ૨૦૧૪–૧૫ | ૩૫ પૈસા પ્રતિ યુનીટ | ૭૫ પૈસા પ્રતિ યુનીટ |
| ૨૦૧૫–૧૬ | ૪૫ પૈસા પ્રતિ યુનીટ | ૮૫ પૈસા પ્રતિ યુનીટ |
| ૨૦૧૬–૧૭ | ૪૫ પૈસા પ્રતિ યુનીટ | ૮૫ પૈસા પ્રતિ યુનીટ |
| ૨૦૧૭–૧૮ | ૪૫ પૈસા પ્રતિ યુનીટ | ૮૫ પૈસા પ્રતિ યુનીટ |

| ટેબલ–(બ) | | |
|---|---|---|
| Concession for use of electricity during night hours: 10.00 pm to 06.00 am ( next Morning) | Concession per Unit | Remarks |
| ૨૦૧૪–૧૫ | ૭૫ પૈસા પ્રતિ યુનીટ | Shall be eligible in excess of 1/3 of the total energy consume during the Month |
| ૨૦૧૫–૧૬ | ૮૫ પૈસા પ્રતિ યુનીટ | |
| ૨૦૧૬–૧૭ | ૪૦ પૈસા પ્રતિ યુનીટ | |
| ૨૦૧૭–૧૮ | ૪૦ પૈસા પ્રતિ યુનીટ | |

આમ, ઉપરોક્ત ટેબલ–(અ) અને ટેબલ–(બ) અન્વયે – ફરીયાદી અરજદાર ની રજુઆત બાબતે જણાવવાનુ કે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વસુલવામા આવેલ ટાઈમ ઓફ યુઝ ચાર્જ અને નાઈટ રીબેટ ચાર્જ – ટેરીફ સરકયુલર મુજબ જ વસુલાયેલ છે, જે નિયમાધીન છે.

- (૩) અરજદાર ની ફરીયાદ અરજી મા કરાયેલ મુખ્ય માંગણીઓ ના અનુસંધાને, ફરીયાદી શ્રી ની, મુદદા નં. ૧.૧ મા કરાયેલ માંગણીના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ગ્રાહય રહેલ નથી. જે તે વિજવિતરણ કંપની ની આ બાબત, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે – જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર અન્વયે ની વિજવિતરણ કંપની મા પ્રવર્તમાન રહેલ પીજીવીસીએલ ની સક્ષમ એવી નિગમીત કચેરી ના માર્ગદર્શક પત્ર નં.: પીજીવીસીએલ/રજી.સેલ/૮૩૪૨ તા.૧૭–૦૯–૧૬ મા અપાયેલ માર્ગદર્શન મુજબ, પીજીવીસીએલ માટે સદર '' ૧% પ્રોમ્પટ પેમેન્ટ ડીસકાઉન્ટ '' – જે '' પીજીવીસીએલ કંપની માટે વિવેકાધીન નિર્ણય (Discretionary) '' મુજબ ની બાબત ને આનુષાંગીક હોય – જે ને અનુસંધાને, અરજદાર શ્રી ને તેઓ શ્રી ના સદર એચ.ટી. જોડાણમા ના વીજબીલો મા ૧% પ્રોમ્પટ પેમેન્ટ ડીસકાઉન્ટ આપવામા આવેલ નથી. આમ, આ વીજવિતરણ કંપની ની '' Discretionary'' બાબત ને આનુષાંગીક હોય, જે યોગ્ય હોવાનો, સદર કેઈસ મુદદાઓ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૨) અને (૩) મુજબ ની વિગતે મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.